# બગુમરામાં યુવતીનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળતા ચકચાર

**શંકાસ્પદ** હાલતમાં મળેલા મૃતદેહ પાસેથી આપત્તિજનક સામગ્રી પણ મળી આવી, હત્યાની આશંકા

**મહાદેવી** વીલામાં યુવતી સાથે રહેતો શિવમ નામનો યુવક ફરાર

પલસાણાઃ પલસાણા તાલુકાના બગુમરા ગામમાંથી એક ચોંકાવનારી અને રહસ્યમય ઘટના સામે આવી છે. બગુમરા સ્થિત મહાદેવ વિલા એપાર્ટમેન્ટના પાંચમા માળે આવેલા ફ્લેટ નંબર 506 માંથી 22 વર્ષીય યુવતીનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે એકત્રિત થઈ ગયા હતા, જ્યારે પોલીસ તંત્ર પણ દોડતું થયું હતું.

મૃતક યુવતીની ઓળખ મૈવીશ ખાતૂન અફઝલ અલી તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ યુવતી છેલ્લા કેટલાક સમયથી શિવમ નામના યુવક સાથે આ ફ્લેટમાં રહેતી હતી. જોકે ઘટના બાદથી શિવમ ફરાર હોવાનું સામે આવતા સમગ્ર મામલો વધુ રહસ્યમય બન્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર યુવતીનો મૃતદેહ અર્ધનગ્ન અને ગંભીર હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહની આસપાસથી કેટલીક આપત્તિજનક સામગ્રી પણ મળી આવતા યુવતી સાથે કોઈ અજુગતું બન્યું હોવાની તેમજ હત્યાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે અનેક દિશામાં તપાસ શરૂ કરી છે.

ઘટનાની જાણ થતાં પલસાણા પોલીસ ઉપરાંત સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે સમગ્ર ફ્લેટ અને આસપાસના વિસ્તારને કોર્ડન કરીને તપાસ હાથ ધરી હતી. ફોરેન્સિક ટીમ દ્વારા પણ સ્થળ પરથી પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસ દ્વારા આસપાસના રહેવાસીઓ અને ઓળખીતાઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. સાથે જ ટેક્નિકલ સર્વેલન્સ, મોબાઈલ લોકેશન અને સીસીટીવી ફૂટેજના આધારે ફરાર યુવક શિવમની શોધખોળ તેજ બનાવવામાં આવી છે. પોલીસને આશંકા છે કે યુવતીના મોત પાછળ કોઈ ગંભીર કારણ હોઈ શકે છે. હાલ પોલીસે યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. યુવતીનું મોત કઈ પરિસ્થિતિમાં થયું અને પાછળનું સાચું કારણ શું છે તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. સમગ્ર મામલે પલસાણા પોલીસ અને LCB ટીમ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# કપાસ પર 11 ટકા આયાત ડ્યુટી યથાવત રાખવા ખેડૂતોની માંગ

**તમિલનાડુના** મુખ્યમંત્રીની માંગણીથી ગુજરાતના ખેડૂતો નારાજ

સુરત : તમિલનાડુના મુખ્યમંત્રી સી.જોસેફ વિજય દ્વારા પ્રધાનમંત્રીને પત્ર લખીને કપાસ પર લાગતી 11% ટકા આયાત ડ્યુટી હટાવવાની માંગ કરવામાં આવતા ગુજરાતના કપાસ પકવતા ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો છે. દક્ષિણ ગુજરાત સહકારી કોટન યુનિયનના ડિરેક્ટર તથા ખેડૂત આગેવાન જયેશભાઈ એન. પટેલ (દેલાડ)એ પ્રધાનમંત્રીને પત્ર પાઠવી કપાસ પરની 11 ટકા આયાત ડ્યુટી યથાવત રાખવાની જોરદાર માંગ કરી છે. હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે સિન્થેટિક ફાઈબર મોંઘા બન્યા છે. જેના પગલે ગારમેન્ટ અને ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા કપાસની માંગમાં વધારો થયો છે. ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા કપાસની આયાત પરની 11 ટકા ડ્યુટી દૂર કરીને વેરામુક્ત આયાતની માંગ ઉઠાવવામાં આવી રહી છે, પરંતુ ખેડૂતોના મતે આ નિર્ણય દેશના કરોડો કપાસ ઉત્પાદકો માટે ઘાતક સાબિત થઈ શકે છે. "ખેડૂતોની આવક બમણી કરવાની નીતિ સાથે વિરોધાભાસ" જણાય છે.ખેડૂત આગેવાનોએ કેન્દ્ર સરકારને યાદ અપાવ્યું કે સરકાર સતત ખેડૂતોની આવક બમણી કરવા માટે વિવિધ યોજનાઓ, ટેક્નોલોજી અને લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો જેવા નિર્ણયો લઈ રહી છે. આવા સમયે કપાસની વેરામુક્ત આયાતનો નિર્ણય ખેડૂતોના હિત વિરુદ્ધ ગણાશે. તેમણે વધુમાં જણાવ્યું છે કે, રજૂઆતમાં જણાવ્યું છે કે ગુજરાત સહિત ભારત વિશ્વમાં કપાસ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર દેશ છે. જો વિદેશી કપાસની વેરામુક્ત આયાતને મંજૂરી આપવામાં આવશે તો બહારથી સસ્તો કપાસ ભારતમાં આવશે.

# મુસાફરો નહીં મળતા ઉધના હસનપુર સ્પેશિયલ રદ કરાઇ

**રવિવારે** ઉધનાથી 11 હજાર થી વધુ લોકોને રવાના કરાયા

સુરત : હાલ ઉનાળુ વેકેશન અને લગ્નસરાની મોસમ જામી છે ત્યારે સુરત અને આસપાસના વિસ્તારોમાં વસતા પરપ્રાંતિય શ્રમિકો અને પરિવારોમાં વતન ભણી જવાનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ જબરદસ્ત ઘસારાને પહોંચી વળવા માટે ઉધના રેલવે સ્ટેશન ખાતેથી દોડાવવામાં આવી રહેલી વિશેષ ટ્રેનોના સંચાલન અંગે રેલવે પ્રશાસન દ્વારા લેટેસ્ટ સત્તાવાર અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. મુસાફરોની ભીડ ને નિયંત્રિત કરવા અને મુસાફરી સુખદ બનાવવા માટે પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો સ્ટેશન પર જ ખડેપગે તૈનાત રહ્યો હતો. આજ રોજ ઉધના સ્ટેશન થી ઉપડેલી તમામ ટ્રેનો એક પણ મિનિટના વિલંબ વગર પોતાના નિર્ધારિત સમયે જ રવાના થઈ હતી, જે રેલવે ની સમયપાલન શૈલીનો શ્રેષ્ઠ નમૂનો છે. જોકે, આ દરમિયાન પૂરતી માંગ ન હોવાના કારણે એક સ્પેશિયલ ટ્રેન ને રદ કરવાની પણ ફરજ પડી હતી.

### આજના વ્યસ્ત શિડ્યુલ અને ટ્રેનોની મુદ્દાસર વિગતો

**1/ ઓછી માંગને કારણે એક ટ્રેન રદઃ** ટ્રેન નંબર 09031 (ઉધના થી હસનપુર રોડ) અનરિઝર્વ્ડ ટ્રેન, જેનો નક્કી થયેલો સમય સવારે 11:25 કલાકનો હતો અને ત્યારબાદ તેને રિ-શેડ્યૂલ કરીને બપોરે 13:15 કલાકનો કરાયો હતો, તેને મુસાફરોની અપૂરતી સંખ્યા અને નહિવત માંગને કારણે આખરે સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવાયો હતો.

**2/ ટ્રેન નંબર 19045 (ઉધના-ધે):** ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6 પરથી આ ટ્રેન સવારે તેના રાબેતા મુજબના સમય 10:20 વાગ્યે બિલકુલ સમયસર ઉપડી હતી. આ ટ્રેનમાં અંદાજે 1800 થી 1900 જેટલા મુસાફરો સવાર થઈ વતન ભણી રવાના થયા હતા. વ્યવસ્થા જાળવવા માટે 16 ટિકિટ ચેકિંગ સ્ટાફ અને 40 આર.પી.એફ. તથા જી.આર.પી.ના જવાનો તૈનાત કરાયા હતા.

**3/ ટ્રેન નંબર 22564 (ઉધના-જયનગર):** વતન જવા માટે મુસાફરોનો સૌથી મોટો ઘસારો આ ટ્રેનમાં જોવા મળ્યો હતો. પ્લેટફોર્મ નંબર 6 પરથી સવારે 08:35 કલાકે રાઈટ ટાઈમે ઉપડેલી આ ટ્રેનમાં આશરે 3700 થી 3800 જેટલા મુસાફરોનો મહેરામણ ઉમટ્યો હતો. ભીડને કાબૂમાં રાખવા 21 ચેકિંગ સ્ટાફ અને 40 સુરક્ષાકર્મીઓ સતત કાર્યરત રહ્યા હતા.

**4/ ટ્રેન નંબર 19021 (ઉધના-બહરામપુર સ્પેશિયલ):** પ્લેટફોર્મ નંબર 3 પરથી વહેલી સવારે 07:10 વાગ્યે ઉપડેલી આ ટ્રેનમાં આશરે 1600 થી 1700 પ્રવાસીઓએ મુસાફરી કરી હતી. સુરક્ષાના ભાગરૂપે અહીં રેલવે દ્વારા 128 જેટલા આર.પી.એફ. અને જી.આર.પી.ના જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

**5/ ટ્રેન નંબર 09047 (ઉધના-ઝંઝારપુર સ્પેશિયલ):** આ ટ્રેન પ્લેટફોર્મ નંબર 6 પરથી સવારે વહેલી સવારે 05:30 વાગ્યે ઝીરો મિનિટ ડિલે સાથે ઉપડી હતી, જેમાં અંદાજે 1800 થી 2000 મુસાફરો સુરક્ષિત રીતે સવાર થયા હતા. આ દરમિયાન 11 ચેકિંગ સ્ટાફ અને 128 સુરક્ષા જવાનોએ મોરચો સંભાળ્યો હતો.

**6/ ટ્રેન નંબર 09045 (ઉધના-જયનગર સ્પેશિયલ):** મધ્યરાત્રિ બાદ પ્લેટફોર્મ નંબર 6 પરથી રાત્રે 01:30 કલાકે ઉપડેલી આ સ્પેશિયલ ટ્રેનમાં અંદાજે 2000 થી 2100 મુસાફરો રવાના થયા હતા. મોડી રાત્રે પણ સુરક્ષા વ્યવસ્થા લોખંડી રાખવા માટે 128 જવાનો તૈનાત રખાયા હતા.

# મે મહિનાનો જથ્થો નહીં મળતા રેશન દુકાનદારોમાં રોષ

**જૂન** મહિનાનું ચલણ ન ભરવા પ્રહલાદ મોદીનું રાજ્યભરના દુકાનદારોને આહવાન

સુરત : ઓલ ઈન્ડિયા ફેર પ્રાઈસ શોપ ડીલર્સ ફેડરેશનના નેતા પ્રહલાદ મોદી દ્વારા રાજ્ય સરકાર પર વ્યાજબી ભાવના દુકાનદારો સાથે ઓરમાયું વર્તન કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યના હજારો રેશન દુકાનદારો હાલ વિવિધ પ્રશ્નોથી પરેશાન છે છતાં સરકાર અને પુરવઠા વિભાગ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

પ્રહલાદ મોદીના જણાવ્યા મુજબ ગુજરાતના પુરવઠા મંત્રી, સચિવ તથા નિયામકની હાજરીમાં તા. 4 નવેમ્બર, 2025ના રોજ દુકાનદારોના પ્રશ્નોને લઈ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તે સમયે વિવિધ માંગણીઓ સ્વીકારવા હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદ આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે રાજ્યના 50 ટકાથી વધુ વ્યાજબી ભાવના દુકાનદારોને મે મહિનાનો અનાજનો જથ્થો હજુ સુધી મળ્યો નથી. સુરતમાં પણ કેટલાક દુકાનદારોને જથ્થો મળ્યો છે જ્યારે અનેક દુકાનો સુધી હજુ પૂરતો જથ્થો પહોંચ્યો નથી. એક તરફ મે મહિનાનો જથ્થો સંપૂર્ણ આપવામાં આવ્યો નથી ત્યારે બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા જૂન મહિનાના પરમિટ માટે તા. 26 સુધીમાં એડવાન્સમાં રૂપિયા ભરવા સૂચના આપવામાં આવી રહી છે. સરકાર સમયસર જથ્થો પહોંચાડવામાં નિષ્ફળ રહી છે છતાં દુકાનદારો પાસેથી અગાઉથી નાણાં વસૂલવામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. આ પરિસ્થિતિને પગલે પ્રહલાદ મોદીએ રાજ્યના તમામ વ્યાજબી ભાવના દુકાનદારોને જૂન મહિનાનું ચલણ ન ભરવા આહવાન કર્યું છે.

# ગુજરાતના સપના સમાન પ્રોજેક્ટ 'કલ્પસર'ને નેધરલેન્ડ મદદ કરશે

**સૌરાષ્ટ્રના** 9 જિલ્લાના 42 તાલુકાની 10 લાખ હેક્ટર જમીનને મળશે સિંચાઈનો લાભ

**દક્ષિણ** ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર 180 કિમી ઘટશે



ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી નેધરલેન્ડની મુલાકાત દરમિયાન વિશ્વપ્રસિદ્ધ 'અફસ્લુઈટડીક' (Afsluitdijk Dam) ડેમ પ્રોજેક્ટની વિશેષ સમીક્ષા કરી હતી. ગુજરાતના મહત્વાકાંક્ષી 'કલ્પસર પ્રોજેક્ટ' માટે વૈશ્વિક રોલ મોડેલ મનાતા આ ઐતિહાસિક ડેમના અભ્યાસને ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે. આ મુલાકાત દરમિયાન ભારત અને નેધરલેન્ડ વચ્ચે ગુજરાતના કલ્પસર પ્રોજેક્ટને ટેકનિકલ સહયોગ આપવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI)ની આપ-લે કરવામાં આવી હતી. આ સહયોગ જળ વ્યવસ્થાપન, ડેમ એન્જિનિયરિંગ અને આધુનિક માળખાગત વિકાસ ક્ષેત્રે બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

વિશ્વપ્રસિદ્ધ 'અફસ્લુઈટડીક ડેમ' લગભગ 32 કિલોમીટર લાંબો છે અને ખારા દરિયાઈ પાણીના વિસ્તારને વિશાળ મીઠા પાણીના જળાશયમાં રૂપાંતરિત કરવા માટે સમગ્ર વિશ્વમાં જાણીતો છે. નેધરલેન્ડની અદ્યતન એન્જિનિયરિંગ કુશળતા, પાણી વ્યવસ્થાપન અને નવીન ઊર્જા મોડલનો અભ્યાસ હવે ગુજરાતના કલ્પસર પ્રોજેક્ટ માટે માર્ગદર્શક બનશે.

# ઉધના અને હસનપુર રોડ વચ્ચે દોડશે સ્પેશિયલ અનઆરક્ષિત ટ્રેન

સુરતઃ મુસાફરોની સુવિધા અને આગામી સમયમાં મુસાફરી ની વધતી જતી માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે પ્રશાસને વધારાની ભીડને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉધના અને હસનપુર રોડ રેલવે સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ અનઆરક્ષિત (જનરલ) ટ્રેન ચલાવવાની જાહેરાત કરી છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, આ ટ્રેન બંને દિશામાં કુલ 10 ફેરા મારશે.પશ્ચિમ રેલવેના આ નિર્ણયથી ખાસ કરીને સુરત (ઉધના) અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા ઉત્તર પ્રદેશ અને બિહાર ના પ્રવાસીઓને વતનમાં જવા માટે મોટી રાહત મળશે. વેકેશન અને તહેવારોના ગાળામાં નિયમિત ટ્રેનોમાં કન્ફર્મ ટિકિટ ન મળવાની સમસ્યાથી ઝઝૂમતા સામાન્ય વર્ગના મુસાફરો માટે આ અનઆરક્ષિત ટ્રેન આશીર્વાદરૂપ સાબિત થશે.

### આ સ્પેશિયલ ટ્રેન અંગેની વિગત

**1/ ઉધનાથી હસનપુર રોડ વચ્ચે દોડનારી આ ટ્રેનનો નંબર 09031/09032** ઉધના - હસનપુર રોડ - ઉધના સ્પેશિયલ ટ્રેન રહેશે, જે સંપૂર્ણપણે અનઆરક્ષિત (General) કેટેગરીની રહેશે.

**2/ ઉધના - હસનપુર રોડ સ્પેશિયલ (ટ્રેન સંખ્યા 09031):** આ ટ્રેન દર રવિવારે ઉધના રેલવે સ્ટેશનથી સવારે ૧૧:૨૫ કલાકે પ્રસ્થાન કરશે અને મુસાફરીના ત્રીજા દિવસે એટલે કે મંગળવારે રાત્રે ૦૨:૩૦ કલાકે હસનપુર રોડ પહોંચશે. આ ટ્રેન આગામી ૨૪ મે, ૩૧ મે, ૭ જૂન અને ૧૪ જૂન, ૨૦૨૬ ના રોજ દોડશે.

**3/ હસનપુર રોડ - ઉધના સ્પેશિયલ (ટ્રેન સંખ્યા 09032):** વળતી દિશામાં આ ટ્રેન દર મંગળવારે હસનપુર રોડથી સવારે ૦૫:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૧:૪૦ કલાકે ઉધના પરત પહોંચશે. આ ટ્રેન ૧૯ મે, ૨૬ મે, ૨ જૂન, ૯ જૂન અને ૧૬ જૂન, ૨૦૨૬ ના રોજ ઓપરેટ કરવામાં આવશે.

### મુખ્ય સ્ટોપેજ અને રૂટ

આ સ્પેશિયલ ટ્રેન સાયણ, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા જંક્શન, કોટા, સવાઈ માધાપુર જંક્શન, ગંગાપુર સિટી, બયાના જંક્શન, ઈદગાહ આગ્રા, ટુંડલા જંક્શન, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, મિર્ઝાપુર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશનોનો સમાવેશ થાય છે.

# સુરેન્દ્રનગર અને રાજકોટમાં સૌથી વધુ 43 ડિગ્રી તાપમાન

**ગુજરાતમાં** ગરમીનો પ્રકોપ યથાવત્

**અમદાવાદમાં** 44 ડિગ્રીની ચેતવણી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. છેલ્લા 24 કલાકની સરખામણીએ રાજ્યના અનેક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં 1 થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હવામાન વિભાગના આંકડા મુજબ આજે સુરેન્દ્રનગર અને રાજકોટ રાજ્યના સૌથી ગરમ શહેરો રહ્યા હતા, જ્યાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

અમદાવાદ, અમરેલી અને વલ્લભ વિદ્યાનગરમાં પણ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા બપોરના સમયે રસ્તાઓ સૂમસામ બન્યા હતા. ગાંધીનગર અને વડોદરામાં 41 ડિગ્રી, જ્યારે સુરતમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. કચ્છના ભૂજ અને કંડલા એરપોર્ટ પર પણ 41 ડિગ્રી સુધી ગરમીનો પારો ચડ્યો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત અને કચ્છના ભાગોમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું છે.

આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમ છતાં રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી 40 ડિગ્રીથી વધુ તાપમાન રહેવાની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની આગાહી કરી છે. શહેરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં વધતી ગરમીને પગલે આરોગ્ય નિષ્ણાતોએ લોકોને બપોરે 12 થી 4 દરમિયાન અનાવશ્યક બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને સીધી ગરમીથી બચવા સલાહ આપી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં વધતી ગરમી અને હવામાં ઊંચા ભેજના પ્રમાણને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

# ગુજરાતમાંથી એક જ દિવસમાં 500 કિલો ચાંદી ઝડપાઈ

**ચાંદીની** હેરાફેરીનો મોટો પર્દાફાશ

**એટીએસ** - જીએસટી -ક્રાઇમ બ્રાન્ચ એક્શનમાં

ગાંધીનગર : રાજ્યમાં સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા વચ્ચે ગુજરાતમાં ચાંદીની મોટા પાયે હેરાફેરીનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. એક જ દિવસમાં અમદાવાદ અને રાજકોટમાંથી કુલ અંદાજે 500 કિલો ચાંદીનો જથ્થો ઝડપાતા રાજયની વિવિધ એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે. એક તરફ અમદાવાદના ગીતામંદિર બસ સ્ટેશન પરથી લક્ઝરી બસમાં લઈ જવાતી 100 કિલો ચાંદી ઝડપાઈ છે, તો બીજી તરફ રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી 400 કિલો જેટલો શંકાસ્પદ ચાંદીનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. બંને મામલાઓમાં ટેક્સ ચોરી, ગેરરીતિપૂર્ણ બિલિંગ અને હેરાફેરીના એંગલથી તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં ગીતામંદિર બસ સ્ટેશન પરથી રાજકોટ જઈ રહેલી લક્ઝરી બસમાંથી એક વ્યક્તિ પાસેથી અંદાજે 100 કિલો ચાંદી મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે ઝડપાયેલા જથ્થામાંથી આશરે 80 ટકા ચાંદી માટે કોઈ માન્ય બિલ રજૂ કરવામાં આવ્યું નહોતું. મહત્વની વાત એ છે કે ચાંદીના આ જથ્થા પર હજુ સુધી કોઈએ માલિકીનો દાવો પણ કર્યો નથી. હાલ સ્ટેટ જીએસટી વિભાગે જથ્થો કબજે લઈને વધુ તપાસ શરૂ કરી છે.

બીજી તરફ રાજકોટના રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પણ ચાંદીની મોટી હેરાફેરી ઝડપાઈ છે. અંદાજે 10 કરોડની કિંમતનો 400 કિલો જેટલો શંકાસ્પદ ચાંદીનો જથ્થો મુંબઈથી રાજકોટ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ મારફતે કાર્ગોમાં આવ્યો હતો. કાર્ગોની તપાસ દરમિયાન સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

મળતી માહિતી મુજબ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીને ચાંદીની હેરાફેરી અંગે ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે ગુજરાત એટીએસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત એટીએસ અને રાજકોટ સીટી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# આગામી ૨૩થી ૨૫મી મે વચ્ચે તાલુકા જિલ્લા પંચાયતોમાં શાસકો નક્કી થશે

**ઓબીસી** અનામત પ્રમુખ પદે સમીર મોદી ચર્ચાના કેન્દ્રમાં, ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી, બિનહરીફ વરણીની શક્યતા

સુરતઃ સુરત જિલ્લાના ગ્રામ્ય રાજકારણમાં આગામી અઢી વર્ષની સત્તા કોના હાથમાં જશે તે અંગે રાજકીય ગતિવિધિઓ તેજ બની ગઈ છે. જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી ૨૫ મેના રોજ થવાની છે, જ્યારે બારડોલી સિવાયની ૧૦ તાલુકા પંચાયતમાં ૨૩ મેના રોજ નવા પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી થશે. પક્ષનાં આંતરિક સૂત્રો અનુસાર ઉમેદવારી પહેલાં જ સંગઠન સ્તરે નામો લગભગ નક્કી થઈ ચૂક્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો કે, અંતિમ મંજૂરી હાઈકમાન્ડ તરફથી જ મળશે. ૨૫ મેના રોજ કલેક્ટરની અધ્યક્ષતામાં મળનારી સામાન્ય સભામાં નવા સુકાનીઓનાં નામોની સત્તાવાર જાહેરાત થશે. તે પહેલાં ૨૪ મેના રોજ ઉમેદવારી પ્રક્રિયા હાથ ધરાશે. આગામી ટર્મ માટે જિલ્લા પંચાયતનું પ્રમુખ પદ ઓબીસી વર્ગ માટે અનામત રાખવામાં આવ્યું છે.

### રવિવારે ઉમેદવારી પ્રક્રિયા, વહીવટી વર્તુળોમાં ચર્ચા

આ વખતે ચૂંટણી પ્રક્રિયાનો સૌથી રસપ્રદ પાસો એ છે કે ઉમેદવારીપત્ર ભરવાની કાર્યવાહી રવિવારે યોજાશે. ૨૪ મેના રોજ સવારે ૧૧થી બપોરે ૨ વાગ્યા સુધી ઉમેદવારી સ્વીકારવામાં આવશે.

### તાલુકા પંચાયતોમાં પણ સત્તા માટે ખેંચતાણ

જિલ્લાની ૧૦ તાલુકા પંચાયતમાં ૨૩ મેના રોજ પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી થવાની છે. કામરેજ, ઓલપાડ, પલસાણા, માંડવી, મહુવા, માંગરોળ, ઉમરપાડા, ચોર્યાસી સહિતના તાલુકાઓમાં રાજકીય સમીકરણો ગોઠવવાની પ્રક્રિયા તેજ બની ગઈ છે. પ્રાંત અધિકારીઓ અને ડેપ્યુટી કલેક્ટરની અધ્યક્ષતામાં વિશેષ સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

### બારડોલીનું ચિત્ર મોડું સ્પષ્ટ થશે

બારડોલી તાલુકા પંચાયતની ચૂંટણી પ્રક્રિયા અન્ય તાલુકાઓ કરતાં પાછળ ચાલી રહી છે. સામાન્ય ચૂંટણી દરમિયાન એક ઉમેદવારના અવસાનને કારણે એક બેઠકની ચૂંટણી મુલતવી રાખવામાં આવી હતી. હવે આ બેઠક પર ફરી મતદાન યોજાયા બાદ જ પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી થશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સુરતમાં તાપમાન...

વધારો થતાં લોકોને ઉકળાટ અને બફારાનો વધુ અનુભવ થયો હતો. ખાસ કરીને બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટી ગઈ હતી. પવનની દિશામાં પણ ફેરફાર નોંધાયો હતો. ગઈકાલે ઉત્તર પશ્ચિમ દિશાથી 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો, જ્યારે આજે દક્ષિણ પશ્ચિમ દિશાથી 15 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની ઝડપ વધવા છતાં ગરમીમાં કોઈ ખાસ રાહત અનુભવાઈ નહોતી. વાતાવરણના દબાણમાં પણ સામાન્ય વધારો નોંધાયો હતો. ગઈકાલે 1002.3 હેક્ટોપાસ્કલ રહેલું દબાણ આજે 1002.6 હેક્ટોપાસ્કલ નોંધાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. લોકોને બપોર દરમિયાન જરૂરી કામ સિવાય બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને ગરમીથી બચવા તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

### રાજધાનીમાં સવાર...

પલટી ગઈ હતી. આ અકસ્માતમાં 5 રેલવે કર્મચારીઓ ઘાયલ થયા છે, જેમાં એક કર્મચારીની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર આગની દુર્ઘટના અને ત્યારબાદ ચાલેલી પુનઃસ્થાપનની કામગીરીને કારણે આ રૂટ પરનો રેલ વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો, જેના લીધે 12955 મુંબઈ સેન્ટ્રલ-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ સહિત અંદાજે 10 જેટલી મહત્વની ટ્રેનો પોતાના નિર્ધારિત સમય કરતાં બે થી અઢી કલાક જેટલી મોડી પડી હતી.

### ૨૯૩૬ શાળામાં...

જણાવ્યું હતું. કોંગ્રેસના મતે, સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓનું માળખું સતત નબળું કરવામાં આવી રહ્યું છે. સમગ્ર રાજ્યમાં ૫૬૧૨ શાળાઓ બંધ કરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવતાં પક્ષે કહ્યું કે તેનો સીધો ફટકો ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને પડી રહ્યો છે.ડૉ. મનીષ દોશીએ ભાજપ સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે ભ્રષ્ટ અને દિશાવિહીન નીતિઓના કારણે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા ખાડે ગઈ છે અને હવે શિક્ષણ ક્ષેત્રે તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવાની જરૂર છે.

### સાપુતારામાં દીપડાની...

સાપુતારાના હોટલ સંચાલકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. સાપુતારા હોટેલ એસોસિએશન દ્વારા દીપડાને પાંજરે પુરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. હોટલ સંચાલકોનું કહેવું છે કે જો દીપડાનો આતંક યથાવત રહેશે તો તેની સીધી અસર પ્રવાસન વ્યવસાય પર પડી શકે છે. આ સમગ્ર મામલે ડાંગ દક્ષિણ વન વિભાગ હેઠળની શામગહાન રેન્જ દ્વારા દીપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે. શામગહાન વન વિભાગની ટીમ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે તેમજ જરૂરી સ્થળોએ પાંજરા મુકવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. દક્ષિણ વન વિભાગ ડાંગ દ્વારા સ્થાનિકોને સતર્ક રહેવા, રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા તેમજ દીપડો દેખાય તો તાત્કાલિક વન વિભાગને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

### બાઈકનું બેલેન્સ...

મારફતે મયુરભાઈને તત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત બાદ ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો.

# સચિન સ્લમબોર્ડમાં યુવક પર હિંસક હુમલો

**ચપ્પુ** મારી આઠ હજારની લૂંટ ચલાવનાર બોણંદથી ઝડપાયો

સુરતઃ સચિન જૂના સ્લમ બોર્ડ પાસે આવેલા પાનના ગલ્લા પર મસાલાના પૈસા માંગવા જેવી નજીવી બાબતે ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી રૂ. ૭ થી ૮ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયેલા 4 રીઢા ગુનેગાર પૈકી એક આરોપીને ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં જ સચીન બોણંદ ગામ નજીકથી ઝડપી પાડયો છે.

સચિન ઈસ્લામપુરામાં મોહમદ એપાર્ટમેન્ટમાં રહેતા ૨૪ વર્ષીય સાહીદ ખાન ઉર્ફે બાબા પપ્પુખાન પઠાણ પાનનો ગલ્લો ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. શનિવાર, ૧૬ મેના રોજ બપોરે તેઓ સચીન ખાતે આવેલા જૂના સ્લમ બોર્ડમાં હનુમાનજીના મંદિરની પાછળ પોતાના ગલ્લા પર હાજર હતા. આ દરમિયાન મરોલીના રાકેશ પ્રકાશ વાઘ, ડીંડોલીના રાજ ઉર્ફે આર.પી. પાટીલ, સચીન સુડા આવાસના સેફર અંસારી અને પાલીગામ સચીન જી.આઈ.ડી.સી.ના સુબોધ ધર્મેન્દ્ર રમાણી ત્યાં આવ્યા હતા. આ ચારેય શખ્સોએ ગલ્લા પરથી પાન મસાલા અને ગુટખાની ખરીદી કરી હતી. સાહીદ ખાને જ્યારે વ્યાપારના નિયમ મુજબ પૈસાની માંગણી કરી, ત્યારે આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને નાલાયક ગાળો આપવા લાગ્યા હતા.આ આરોપીઓ ગલ્લા નજીક સાહીદ ખાનના મિત્ર રાકેશ દેવીપુજક સાથે પણ ઝઘડો અને તકરાર કરી રહ્યા હતા. આ દરમિયાન મામલો વધુ બિચકતા, સાહીદ ખાનના ૪૦ વર્ષીય ભાઈ કુરબાનખાન પપ્પુખાન પઠાણ ત્યાં વચ્ચે પડ્યા હતા અને સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો. મધ્યસ્થી બનેલા કુરબાનખાનને જોઈ આરોપી રાકેશ વાઘ વધુ ઉશ્કેરાયો હતો અને બૂમ પાડી હતી કે, 'આજે તમારા બંનેમાંથી એકને પૂરો કરી દેવો છે.'આમ કહી રાકેશ વાઘે પોતાની પાસે રહેલો તીક્ષ્ણ છરો કુરબાનખાનના કમર અને પેટના જમણી બાજૂના ભાગે ઝીંકી દીધો હતો. ત્યારબાદ સુબોધ રમાણીએ પોતાની પાસેના ચપ્પુ વડે કુરબાનખાનના માથાના પાછળના ભાગે ગંભીર ઘા માર્યા હતા, જ્યારે સેફર અંસારીએ પણ ચપ્પુથી પીઠના ભાગે હુમલો કર્યો હતો.વિકરાળ હુમલાને કારણે લોહીલુહાણ થયેલા કુરબાનખાન રોડ પર ઢળી પડ્યા હતા. તેઓ નીચે પડી જવા છતાં આરોપી રાજ ઉર્ફે આર.પી.એ ક્રૂરતાની હદ વટાવી પોતાની પાસે રહેલો પાવડો કુરબાનખાનના માથાના ભાગે ફટકારી દીધો હતો. આ લોહિયાળ ડ્રામા વચ્ચે ચારેય આરોપીઓએ સાહીદ ખાનના ગલ્લામાં ઘૂસીને વેપારના રોકડા રૂપિયા આશરે ૭,૦૦૦ થી ૮,૦૦૦ ની લૂંટ ચલાવી લીધી હતી. આરોપી સુબોધ ધર્મેન્દ્રભાઈ રામાણી (ઉં.વ. ૨૫, રહે. છોટુકાકાની ચાલી, પાલીગામ આવાસની પાછળ, મૂળ રહે. ઝારખંડ) ને બોણંદ ગામમાંથી ઝડપી લીધો હતો.

### વાહન ચોરીથી લઈને લૂંટ સુધીના ૨૧ ગુના

પકડાયેલો આરોપી સુબોધ રામાણી સચીન વિસ્તારનો રીઢો અને માથાભારે ગુનેગાર છે. વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં તેના વિરૂદ્ધ સચીન પોલીસ સ્ટેશનમાં જ વાહન ચોરીના ૪ ગુના, ચોરીનો ૧, મારામારી અને જાનથી મારી નાખવાની ધમકીના ગુના, ચાકુ સાથે પકડાવાના ૬ ગુના, જુગારધારા, પ્રોહિબિશન તેમજ ધમકી આપી ખંડણી વસૂલવાના ગુના નોંધાઈ ચૂક્યા છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં પણ તે લૂંટના બે અલગ-અલગ ગુનાઓમાં સંડોવાયેલો હતો. તેની સતત ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે અગાઉ ત્રણ વખત પાસા હેઠળ અમદાવાદની સાબરમતી જેલમાં પણ મોકલી આપવામાં આવ્યો હતો.